"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૧૫/૧૨/૨૦૧૭

સુરત

તંત્રી શ્રી, ______________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## ચોરસિયા સમાજના બ્રેનડેડ મંજુ મનોજ જયસ્વાલના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી સમાજને નવી દિશા બતાવી.

નામ: મંજુ મનોજ જયસ્વાલ ઉ. વ. ૩૫ બ્લડ ગ્રુપ: B +ve

વ્યવસાય: સીટી લાઈટમાં આવેલ ગાઈઝ એન્ડ ગર્લ્સ નામના બ્યુટીપાર્લરમાં બ્યુટીશીયન તરીકે કાર્ય કરતી હતી.

રહેવાસી: મહેસાણા મહોલ્લો, આઝાદ નગર રોડ, જુના ભટાર, સુરત.

કૌટુંબિક વિગત : પતિ: મનોજ જીન્નુંભાઈ જયસ્વાલ ઉ.વ. ૩૯

અજય ડેરીમાં જોબ કરે છે.

પુત્રી: કિષ્ના મનોજ જયસ્વાલ ઉ. વ. ૧૩

વનિતા વિશ્રામ ગર્લ્સ સ્કુલમાં ધોરણ ૯માં અભ્યાસ

પુત્ર: કાવ્ય મનોજ જયસ્વાલ ઉ.વ. ૮

ઉન્નતી ઈંગ્લીશ એકેડમીમાં ધોરણ ૨માં અભ્યાસ

૨...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Toll Free No. : 1800 233 1944
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

રવિવાર તા: ૧૦ ડીસેમ્બરના રોજ મંજુ તેની સાથે બ્યુટી પાર્લરમાં કામ કરતા રાહુલ શાહ સાથે બાઈક ઉપર ડુમસથી સુરત તરફ આવી રહ્યા હતા. ત્યારે ભીમપોર પાટીયા પાસે બાવર્ચી હોટલની સામે રસ્તા વચ્ચે એકાએક ગાય આવી જતા રાહુલે બ્રેક મારતાં મંજુ બાઈક ઉપરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગઈ હતી. ડુમસના રહેવાસી ઉમેશ પટેલ પોતાની કારમાં ત્યાંથી પસાર થઇ રહ્યા હતા. તેઓએ મંજુ અને રાહુલને તાત્કાલિક નજીકમાં આવેલ સન સાઈન ગ્લોબલ હોસ્પીટલમાં દાખલ કર્યા અને તેઓની સારવાર શરૂ કરવામાં આવી.

મંજુના નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું તેમજ સોજો હોવાનું નિદાન થયું હતું. ત્યાર બાદ વધુ સારવાર માટે ભટારમાં આવેલ અમૃતા હોસ્પીટલમાં ડૉ. જયેશ કોઠારીની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

ગુરૂવાર, તા: ૧૪ ડીસેમ્બરના રોજ ન્યુરોફીઝીશીયન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ડૉ. હરેશ પારેખ, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને સર્જન ડૉ.જયેશ કોઠારીએ મંજુને બ્રેનડેડ જાહેર કરી.

અમૃતા હોસ્પીટલના RMO ડૉ. સુનીલ દીયોરા ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી મંજુના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી મંજુના પતિ મનોજ, પિતાશ્રી રામઆશરે નાગ, ભાઈ મુકેશ નાગ, નિતેશ નાગ, નણંદ રીટા તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

મંજુના પતિ મનોજ તેમજ પિતાશ્રી રામઆશરે નાગ તેમજ પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમારૂં સ્વજન બ્રેનડેડ છે અને તેનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતાં તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની સાણંદના રહેવાસી મહેશ મગનભાઈ શેનવા ઉ.વ. ૨૬માં અને બીજી કિડની અમદાવાદની રહેવાસી મીનાક્ષીબેન ગૌરીશંકર દંતાણીયા ઉ. વ. ૪૧માં, જ્યારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી ત્રિભુવનદાસ ખોડીદાસ પટેલ ઉ. વ. ૬૩માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં મંજુના પતિ મનોજ, નણંદ રીટા, પિતા રામઆશરે નાગ, ભાઈઓ મુકેશ અને નીતેશ ન્યુરોસર્જન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ડૉ. હરેશ પારેખ, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, સર્જન ડૉ. જયેશ કોઠારી, પીડીયાટ્રીશ્યન ડૉ. સ્નેહલ દેસાઈ, RMO ડૉ. સુનીલ દિયોરા, અમૃતા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, સેક્રેટરી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા **૨૩૨ કિડની, ૯૩ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૯૪ ચક્ષુઓનો દાન મેળવીને ૫૩૮ વ્યક્તિઓને** નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.